

# આ દેશમાં ગરીબ પરિવારમાં જન્મ લેવો શું ગુનો બને છે?

**ઉધનાની** ગુરુકૃપા શાળામાં ધોરણ 6ના RTE હેઠળના વિદ્યાર્થીને આઠ દિવસ અલગ બેસાડ્યાનો આક્ષેપ

**સંચાલકોએ** આક્ષેપ ફગાવ્યો ડીઇઓએ સીસીટીવી ફૂટેજ મંગાવી તપાસના આદેશ આપ્યા

સુરતઃ સુરતના ઉધના વિસ્તારની ગુરુકૃપા વિદ્યાસંકુલમાં ધોરણ 6ના એક વિદ્યાર્થીને કથિત રીતે અયોગ્ય સજા આપવામાં આવી હોવાના આક્ષેપોને લઈને સોમવારે વિદ્યાર્થીના માતા-પિતાએ શાળા પરિસરમાં વિરોધ નોંધાવ્યો હતો.

વાલીઓનો આક્ષેપ છે કે નાની મસ્તી બાબતે તેમના બાળકને આઠ દિવસ સુધી ખાલી વર્ગખંડમાં અલગ બેસાડવામાં આવ્યો હતો, જેના કારણે તેના અભ્યાસ પર અસર પડી છે અને તે માનસિક તણાવ અનુભવી રહ્યો છે. વિદ્યાર્થીએ પણ જણાવ્યું હતું કે કેટલાક વિદ્યાર્થીઓ તેને પરેશાન કરતા હતા અને ફરિયાદ કરવા છતાં તેને જ સજા આપવામાં આવી.

માતા-પિતાનું કહેવું છે કે, “અમારું બાળક આરટીઈ હેઠળ અભ્યાસ કરે છે, તેથી શાળા તેને ઇરાદાપૂર્વક પરેશાન કરી રહી છે. નાની મસ્તી બદલ તેને આઠ દિવસથી ખાલી વર્ગમાં બેસાડવામાં આવે છે. તેની વાંચન પ્રક્રિયા પ્રભાવિત થઈ રહી છે અને તે માનસિક રીતે તણાવમાં છે. જ્યારે હું પ્રિન્સિપાલ સાથે વાત કરવા ગયો ત્યારે મને મોબાઇલ ફોન બહાર રાખવા કહેવામાં આવ્યું. અગાઉ એવો કોઈ નિયમ નહોતો. બે કલાક સુધી રાહ જોવડાવવામાં આવી. શાળાના પ્રતિનિધિઓએ કહ્યું કે શાળાનું કંઈ નહીં બગડે, જે કરવું હોય તે કરો.”

### વિદ્યાર્થીને એકલો બેસાડવામાં આવ્યો ન હતો: શાળા સંચાલક

શાળાના પ્રિન્સિપાલ અનુપમ ઉપાધ્યાયે તમામ આક્ષેપોને નકારી કાઢતાં જણાવ્યું હતું કે, “વિદ્યાર્થીને એકલા બેસાડવામાં આવ્યો નથી, તેની સાથે અન્ય વિદ્યાર્થીઓ પણ હતા. વાલીઓને મોબાઇલ બહાર રાખવા કહેવામાં આવ્યું હતું, જેના કારણે તેઓ નારાજ થયા. સમગ્ર ઘટનાક્રમના સીસીટીવી ફૂટેજ ઉપલબ્ધ છે અને તે પોલીસ તેમજ શિક્ષણ વિભાગને બતાવવામાં આવ્યા છે. વધુ માહિતી ટ્રસ્ટી સાથે ચર્ચા કર્યા બાદ જાહેર કરવામાં આવશે.”

### તપાસ પૂર્ણ થયા બાદ હકીકત સ્પષ્ટ થશે: DEO

જિલ્લા શિક્ષણ અધિકારીએ જણાવ્યું હતું કે, “સંબંધિત સીસીટીવી ફૂટેજ મંગાવવામાં આવ્યા છે. આવતીકાલે ટીમ સ્થળ પર જઈ તપાસ કરશે અને સ્ટાફના નિવેદન લેવામાં આવશે. તપાસ પૂર્ણ થયા બાદ જ હકીકત સ્પષ્ટ થશે.”

જરી બાદલામાં રૂ.15નો ભાવવધારો જાહેર થતા જ

# રેપિયર વિવર્સ એસો.ની જરીમાં 10% સુધી રાહતની માંગ

**5 મહિના** સુધી વિવર્સોને સપોર્ટ મળે તો પેમેન્ટ કન્ડિશનમાં સુધારો આવી શકે

સુરતઃ સુરત વિવિંગ જરી એસોસિએશન (SWJA) દ્વારા આજથી બાદલામાં રૂ.15નો ભાવ વધારો જાહેર થતાં જ રેપિયર જેક્વાર્ડ વિવર્સ એસોસિએશન ઓફ સુરતે જરીમાં 10% સુધી ભાવમાં રાહત આપવા માંગ કરી છે.

એસોસિએશને પોતાના વિવર સભ્યોને લખેલા પત્રમાં જણાવ્યું છે કે, વિવર ભાઈઓ આપણી હાલની પરિસ્થિતિ ખૂબ મુશ્કેલીમાં ચાલી રહી છે, તો આ મુશ્કેલીના સમયમાં આપણને જે કોઈ માલ સપ્લાય કરતા હોય એ લોકોને અમારા તરફથી વિનંતી છે કે ભાઈ હમણા માર્કેટ પરિસ્થિતિ ખૂબ જ ખરાબ સમયમાંથી પસાર થઈ રહ્યું છે, 5 મહિના સુધી વિવર્સોને સપોર્ટ મળે તો યાર્ન, જરી સહિતની આખી ચેનલમાં પેમેન્ટ કન્ડિશનમાં સુધારો આવી શકે. આ પૂર્વે સુરત વિવિંગ જરી એસોસિએશન (SWJA) એ જરીના માલમાં કોઈ ગેરેન્ટી આપવી નહીં અને કોઈ ક્લેમ માન્ય રાખવો નહીં એવો નિર્ણય લીધો હતો. કાચા માલમાં છેલ્લા એક મહિનાથી સતત ભાવવધારો થઈ રહ્યો છે અને આગામી સમયમાં પણ વધારો યથાવત રહેવાની પૂરી સંભાવના છે. તેથી તા.16-2-2026થી દરેક જરી બાદલામાં રૂ.15નો વધારો લાગુ કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. SWJA દ્વારા વધતા કાચા માલના ભાવ, બજારમાં અસંતુલન અને ઉદ્યોગ પર પડતા આર્થિક દબાણને ધ્યાનમાં રાખી બેઠકમાં ઉદ્યોગના હિતને કેન્દ્રમાં રાખી મહત્ત્વપૂર્ણ ચર્ચા કરવામાં આવી હતી.

# ઘેલાણી આપઘાત કેસમાં પૂનમ બાદ તેની બહેનનું નિવેદન લેવાશે

**લગ્ન** પ્રસંગે જ પૂનમે બ્લેકમેલિંગ કરતાં આપઘાત સિવાય કોઇ રસ્તો બચ્યો ન હતો

**પરિવારના** 6 સભ્યના નિવેદનમાં ચોંકાવનારા ખુલાસા

સુરતઃ શહેરના જાણીતા બિલ્ડર તુષારભાઈ ઘેલાણીના આત્મહત્યા પ્રકરણમાં દરરોજ ચોંકાવનારા વળાંકો આવી રહ્યા છે. પોલીસ તપાસમાં અત્યાર સુધીમાં જે તથ્યો સામે આવ્યા છે, તે મુજબ એક મહિલા મિત્ર દ્વારા કરાતી સતત પજવણી અને બ્લેકમેલિંગે આ હાઈ-પ્રોફાઈલ બિલ્ડરને મોત વહાલું કરવા મજબૂર કર્યા હોવાનું જણાઈ રહ્યું છે. ‘જી’ ડિવિઝનના ઈન્ચાર્જ એસીપી ઝેડ. આર. દેસાઈની તપાસમાં હવે કાયદાકીય ગાળિયો કસાય તેવી શક્યતા છે. પોલીસે આજે લીધેલા પરિવારના 6 સભ્યના નિવેદનમાં ચોંકાવનારા ખુલાસા થયા છે.

તપાસ દરમિયાન પરિવારના 6 સભ્ય જેમાં પત્ની, પુત્રી, પિતા, પર્સનલ એકાઉન્ટન્ટ અને ડ્રાઈવરનો સમાવેશ થાય છે, તેમના નિવેદનો નોંધવામાં આવ્યા છે. આ તમામ નિવેદનોમાં એક વાત સમાન રીતે ઉભરી આવી છે કે, ગત 5 ફેબ્રુઆરીના રોજ તુષારભાઈની પુત્રીના લગ્ન નિર્ધારિત હતા. આ સામાજિક પ્રસંગનો ગેરલાભ ઉઠાવી પૂનમ નામની મહિલાએ તેમને સામાજિક રીતે બદનામ કરવાની ધમકી આપી હતી. પ્રતિષ્ઠા ખરડાવાના ભય અને ભારે માનસિક દબાણ હેઠળ તુષારભાઈએ આપઘાત કરી લીધો હતો.

### સમાધાનના તમામ પ્રયાસો નિષ્ફળ જતાં અંતિમ પગલું ભર્યું

પત્ની પલ્લવી, પુત્રી તન્વી તુષારભાઇના પિતા અને એકાઉન્ટન્ટે પોલીસ સમક્ષ કબૂલાત કરી છે કે તુષારભાઈ પૂનમ સાથેના વિવાદને શાંતિપૂર્ણ રીતે પતાવવા માંગતા હતા. તેમણે તેની સાથે અનેક બેઠકો કરી હતી, પરંતુ સામે પક્ષે સતત બ્લેકમેલિંગ ચાલુ રાખતા મામલો થાળે પડ્યો નહોતો. આ નિષ્ફળતા અને સતત મળતી ધમકીઓએ તેમને આત્યંતિક પગલું ભરવા મજબૂર કર્યા હોવાનું પ્રાથમિક તપાસમાં જણાઇ રહ્યું છે. જેના પરિવારે કેટલાક પુરાવા પણ પોલીસને આપ્યા છે. તુષારભાઈ જ્યારે હોસ્પિટલમાં સારવાર હેઠળ હતા ત્યારે ત્યાં પૂનમ અને તેની બહેન પ્રિયાએ આવી હોબાળો મચાવ્યો હતો અમે તન્વી સાથે માથાકૂટ પણ કરી હતી.

# આજથી CBSEની ધોરણ 10 અને 12ની બોર્ડની પરીક્ષાઓ શરૂ

**સુરતમાં** 77 શાળાના 16,410થી વધુ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે, 21 કેન્દ્રો પર કડક વ્યવસ્થા

સુરત : સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE) દ્વારા ધોરણ 10 અને 12ની બોર્ડ પરીક્ષાઓ આજથી દેશભરમાં સત્તાવાર રીતે શરૂ થઈ છે. સવારે 10:30 વાગ્યે પરીક્ષા શરૂ થઈ રહી છે, જ્યારે વિદ્યાર્થીઓને 10:00 વાગ્યા સુધી પરીક્ષા કેન્દ્ર પર હાજર રહેવાની કડક સૂચના આપવામાં આવી છે.

સુરત શહેર અને જિલ્લામાં કુલ 21 પરીક્ષા કેન્દ્રો પર પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. આ વર્ષે સુરતમાં અંદાજે 77 જેટલી CBSE સંલગ્ન શાળાઓના કુલ 16,410 જેટલા વિદ્યાર્થીઓ બોર્ડ પરીક્ષા આપી રહ્યા છે. જેમાં ધોરણ 10ના 7,760 વિદ્યાર્થીઓ અને ધોરણ 12ના કોમર્સ તથા સાયન્સ પ્રવાહના મળીને 8,650 વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે.

ધોરણ 10ના વિદ્યાર્થીઓ માટે આજના પ્રથમ પેપરમાં ગણિત વિષયની પરીક્ષા લેવામાં આવી રહી છે, જ્યારે ધોરણ 12 કોમર્સ પ્રવાહના વિદ્યાર્થીઓ માટે એન્ટરપ્રેન્યોરશિપ વિષયની પરીક્ષા યોજાઈ રહી છે. વિદ્યાર્થીઓમાં ઉત્સાહ સાથે થોડો તણાવ પણ જોવા મળ્યો હતો. બોર્ડ પરીક્ષાઓ વિદ્યાર્થીઓના શૈક્ષણિક જીવનમાં મહત્વપૂર્ણ મોરચો માનવામાં આવે છે. આજથી શરૂ થયેલી આ પરીક્ષાઓ વિદ્યાર્થીઓના ભવિષ્યના અભ્યાસ અને કારકિર્દી માટે દિશા નિર્ધારિત કરશે. સુરતના હજારો વિદ્યાર્થીઓ માટે આજનો દિવસ મહત્વપૂર્ણ બની રહ્યો છે.

### પરીક્ષા કેન્દ્રો પર કડક સુરક્ષા અને દેખરેખ

પરીક્ષા દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે તમામ કેન્દ્રો પર કડક સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. બેઠક વ્યવસ્થા, સીસીટીવી દેખરેખ અને સ્ટાફની નિમણૂંક સહિતની તમામ તૈયારીઓ પૂર્ણ કરવામાં આવી છે. કેન્દ્ર સુપરવાઇઝર અને નિરીક્ષકોને બોર્ડની માર્ગદર્શિકા મુજબ કાર્ય કરવાની સૂચના આપવામાં આવી છે. શાળા સંચાલકો દ્વારા વિદ્યાર્થીઓને એડમિટ કાર્ડ, ઓળખપત્ર અને જરૂરી લેખન સામગ્રી સાથે સમય પહેલાં કેન્દ્ર પર પહોંચવાની સૂચના આપવામાં આવી હતી. પરીક્ષા પૂર્વે વિદ્યાર્થીઓને સૂચનાઓ વાંચી સંભળાવવામાં આવી હતી.

# નામાંકિત હોસ્પિટલમાં નોકરીના નામે ડોક્ટર સાથે 47.36 લાખની ઠગાઈ

**ડોક્ટરને** ખોટો ઓફર લેટર આપી એક વર્ષમાં ટુકડે-ટુકડે રકમ વસૂલી

સુરત : નામાંકિત હોસ્પિટલમાં ડોક્ટર તરીકે નોકરી અપાવવાની લાલચ આપી એક ઠગબાજે 23 વર્ષીય ડોક્ટર પાસેથી કુલ 47.36 લાખ રૂપિયા પડાવી લીધા હોવાનો ખુલાસો થયો છે.

અમરોલી વિસ્તારમાં સંસ્કાર રેસીડેન્સી નજીક માધવ વિલા ખાતે રહેતા ડોક્ટર વિરાજભાઈ જગદીશભાઈ ચોટલીયાએ આ અંગે પોલીસ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ અનુસાર, વિવેકકુમાર પ્રફુલભાઈ ચૌહાણ (મૂળ નિવાસી શાહપુર, જુનાગઢ)એ ફેબ્રુઆરી 2025 દરમિયાન પોતે રેલવે વિભાગમાં લોકો પાયલટ તરીકે ફરજ બજાવતો હોવાનો દાવો કર્યો હતો. આરોપીએ સુરતની એક જાણીતી હોસ્પિટલમાં ડોક્ટર તરીકે નોકરી અપાવવાની ખાતરી આપી ખોટો ઓફર લેટર આપી ટુકડે-ટુકડે મળી કુલ 47.36 લાખ રૂપિયા પડાવી લીધા હતા. વિરાજભાઈને ઓફર લેટરની સચ્ચાઈ અંગે શંકા જતાં તપાસ કરતાં સમગ્ર કાવતરું બહાર આવ્યું હતું. સંપર્ક કરવાનો પ્રયાસ કરતાં આરોપી અદૃશ્ય થઈ ગયો હોવાનું જાણવા મળ્યું હતુ. ફરિયાદમાં ઉલ્લેખાયું છે કે આરોપી સંબંધી હોવાને કારણે ઘેર આવજા રાખતો અને પોતાનો પ્રભાવ બતાવવા અન્ય લોકોને પણ મળાવતો હતો. વિશ્વાસનો લાભ લઈને તેણે ગૂંચવણભરી જાળ રચી હતી. અમરોલી પોલીસે આરોપી વિવેકકુમાર ચૌહાણ વિરુદ્ધ છેતરપિંડીનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. પોલીસે જણાવ્યું છે કે આરોપીની શોધખોળ માટે કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

# 6.18 કરોડના હાઈબ્રિડ ગાંજા કેસમાં સૂત્રધાર ચેન્નાઈથી ઝબ્બે

**અવારનવાર** થાઈલેન્ડની મુસાફરી કરતો હોવાનું પણ બહાર આવ્યું

સુરતઃ ગત ડિસેમ્બર મહિનામાં સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી પકડાયેલા 6.18 કરોડના ગાંજા કેસના સૂત્રધાર થાગા ગની ઉર્ફે શાહજહાંને તમિલનાડુના ચેન્નઈ ખાતેથી દબોચી લીધો છે. આરોપી શાહજહાં અગાઉ 1999માં કોપીરાઈટના ગુનામાં પણ પકડાઈ ચૂક્યો છે અને તે અવારનવાર થાઈલેન્ડની મુસાફરી કરતો હોવાનું બહાર આવ્યું છે. ગત 22/12/2025ના રોજ ક્રાઈમ બ્રાંચે બાતમીના આધારે બેંગકોકથી સુરત આવેલી એર ઈન્ડિયા એક્સપ્રેસની ફ્લાઈટમાંથી 6.18 કરોડનો 17 કિલો 658 ગ્રામ હાઈબ્રીડ ગાંજો પકડી લીધો હતો. તપાસમાં બહાર આવ્યું હતું કે આ માદક પદાર્થનો જથ્થો ચેન્નઈના શાહજહાં નામના શખ્સે મંગાવ્યો હતો. સુરત ક્રાઈમ બ્રાંચની ટીમે ટેકનિકલ એનાલિસિસ અને હ્યુમન ઈન્ટેલિજન્સની મદદથી આરોપી થાગા ગની ઉર્ફે શાહજહાં (રહે. સેવનવેલ્સ, ચેન્નઈ)ને તમિલનાડુ ખાતેથી ઓપરેશન પાર પાડી ઝડપી લીધો હતો. આરોપીને ટ્રાન્ઝિટ રિમાન્ડ મેળવી સુરત લાવવામાં આવ્યો છે અને હાલ તે 18 ફેબ્રુઆરી સુધી પોલીસ કસ્ટડીમાં છે. પોલીસ તપાસમાં ખૂલ્યું છે કે આ રેકેટના સૂત્રધારો મોહમદ અલી અને મોહમદ ઈબ્રાહિમ હાલ બેંગકોકમાં રહીને સિન્ડિકેટ ચલાવી રહ્યા છે. તેઓ ચેન્નઈના કેરિયરોને બેંગકોક બોલાવી, ટ્રોલી બેગમાં ખાસ ખાના બનાવી તેમાં કાર્બન પેપર લગાડી ડ્રગ્સ છુપાવતા હતા, જેથી એરપોર્ટ સ્કેનિંગમાં પકડાઈ ન જાય.

# વિકેટ લેનાર બોલરનો સામેની ટીમના કેપ્ટને હાથ તોડી નાંખ્યો

**સુરતના** ભાટપોરના ક્રિકેટ ગ્રાઉન્ડ પર વિકેટ સેલિબ્રેશન કરવું યુવકને ભારે પડ્યું

સુરત : સુરતના ઈચ્છાપોર પોલીસ સ્ટેશનની હદમાં આવેલા ભાટપોરના બાવાજી ક્રિકેટ ગ્રાઉન્ડ પર રમતગમત દરમિયાન લોહીયાળ દ્રશ્યો સર્જાયા હોવાની ઘટના સામે આવી છે. મેચ દરમિયાન વિકેટ પડતા કરવામાં આવેલા સેલિબ્રેશનથી ઉશ્કેરાઈને વિરોધી ટીમના કેપ્ટન સુનિલ યાદવે વિવેક વાળા પર ક્રિકેટ બેટથી જીવલેણ હુમલો કર્યો હતો. આ હુમલામાં 20 વર્ષીય વિવેકને હાથના ભાગે ગંભીર ફ્રેક્ચર થયું છે, જેના પગલે ઈચ્છાપોર પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ ઘટનાની મળતી માહિતી અનુસાર ફરિયાદી વિવેક જગદીશભાઈ વાળા (ઉ.વ. 20), જે હાલ નાના વરાછા વિસ્તારમાં રહે છે અને મૂળ ભાવનગરના પાલીતાણાનો વતની છે, તેને ગત 12 ફેબ્રુઆરીના રોજ ‘ધ અનબ્રેકેબલ યુનિટી’ ટીમના કેપ્ટન સુનિલ કૃષ્ણપ્રસાદ યાદવ સાથે બોલાચાલી થઈ હતી. વિવેક તેના મિત્રની ટીમ ‘સુરત યુનાઈટેડ’ તરફથી રમવા માટે ભાટપોરના ગ્રાઉન્ડ નંબર 07 પર પહોંચ્યો હતો. મેચ દરમિયાન સુનિલ યાદવની ટીમ પ્રથમ બેટિંગ કરી રહી હતી. બપોરના આશરે 12 વાગ્યાના અરસામાં વિવેક જ્યારે તેની ટીમ વતી ત્રીજી ઓવર ફેંકવા આવ્યો ત્યારે સામેની ટીમનો ખેલાડી પ્રણવ સોલંકી બેટિંગમાં હતો. વિવેકે ઓવરના બીજા બોલે પ્રણવને કીપર કેચ આઉટ કરાવતા તેની ટીમમાં ખુશીનો માહોલ છવાયો હતો. પોતાની ટીમના ખેલાડીઓ સાથે વિકેટની ઉજવણી કરી રહેલા વિવેકને જોઈ સુનિલ યાદવ એકાએક ઉશ્કેરાઈ ગયો હતો. અને ગાળો બોલવાનું શરુ કર્યું હતું. જ્યારે વિવેકે ગાળો બોલવાની ના પાડી, ત્યારે ઉશ્કેરાયેલા સુનિલ યાદવે હાથમાં રહેલા ક્રિકેટ બેટથી વિવેક પર હુમલો કર્યો હતો. સુનિલે સૌપ્રથમ વિવેકની પીઠના ભાગે બેટનો ફટકો માર્યો હતો. ત્યારબાદ તેણે જોરથી બેટ વિવેકના માથામાં મારવા માટે વીંઝ્યું હતું. પોતાનો બચાવ કરવા માટે વિવેકે જમણો હાથ આડો ધરતા બેટનો જોરદાર ફટકો કાંડાના ભાગે વાગ્યો હતો. આ ફટકો એટલો ગંભીર હતો કે વિવેકને કાંડાના ભાગે ગંભીર ફ્રેક્ચર થઈ ગયું હતું.

# શ્વાનોના રસીકરણ-ખસીકરણ મુદ્દે મનપા સામે ભ્રષ્ટાચારના આક્ષેપ

**RTI** એક્ટિવિસ્ટ સંજય ઇઝાવોએ પાલિકા સામે ગંભીર આરોપ લગાવ્યો

સુરતઃ શહેરમાં શ્વાનોના રસીકરણ અને ખસીકરણની કામગીરીને લઈને ભારે ચર્ચા ઉભી થઈ છે. આરટીઆઇ એક્ટિવિસ્ટ સંજય ઈઝાવોએ પાલિકા સામે ગંભીર આરોપ લગાવ્યો છે અને આરટીઆઈમાં સામે આવેલા આંકડાઓએ અનેક પ્રશ્નો ઊભા કર્યા છે.

વર્ષ 2018થી 2023 દરમિયાન સુરત શહેરમાં 33,761 શ્વાન પકડવામાં આવ્યા અને પાલિકા દ્વારા 30,300 શ્વાનનું રસીકરણ અને ખસીકરણ કરવામાં આવ્યું હતું. આ કામગીરીમાં લગભગ 3.30 કરોડનો ખર્ચ થયો હોવાનું જણાવાયું છે. જો વાર્ષિક સરેરાશ ગણીએ તો અંદાજે 8,000-8,500 શ્વાનનું રસીકરણ અને ખસીકરણ કરવામાં આવ્યું હતું.

જિલ્લા પંચાયતના સરકારી સેન્સસ મુજબ, સુરતમાં કુલ શ્વાનની સંખ્યા માત્ર 2,760 છે. એટલે કે, પાલિકાએ પાંચ વર્ષમાં પકડેલા 33 હજાર શ્વાનનો આંકડો સરકારી રેકર્ડ અને વાસ્તવિક સંખ્યા સાથે તદ્દન મેળ ખાતો નથી. આરટીઆઇ એક્ટિવિસ્ટ સંજય ઇઝાવાએ દાવો કર્યો છે કે જ્યારે શહેરમાં શ્વાનોની વાસ્તવિક સંખ્યા માત્ર 2,760 છે, તો 33 હજાર શ્વાનોની સંખ્યા પાલિકા કઈ રીતે દર્શાવી રહી છે?” આ મામલે સંજય ઈઝાવાના જણાવ્યા પ્રમાણે, પાલિકાએ કોઈ સ્પષ્ટ જવાબ આપ્યો નથી. આ સાથે શ્વાનોના રસીકરણ અને ખસીકરણની કામગીરીમાં મોટા ભ્રષ્ટાચારની શક્યતા ઊભી થઈ છે.

# ગોપીપુરામાં મંદિરના દીવાથી લાગેલી આગમાં ઘરવખરી રાખ

સુરતઃ શહેરના ગોપીપુરા લીમડીકૂઈ, ચંદુમાળીની શેરીમાં ઘર નંબર 1093માં આજે બપોરે આગની દુર્ઘટના સર્જાઈ હતી. બનાવ અંગે બપોરે 1:06 વાગ્યે ફાયર વિભાગને જાણ કરવામાં આવતા નવસારી બજાર, ઘાંચી શેરી અને મુગલીસરા ફાયર સ્ટેશનથી લાશ્કરોનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. ફાયર ફાઈટરોએ સતત પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો હતો,

પરંતુ તે પહેલાં બીજા માળે રહેલું પ્લાયવુડ, ફર્નિચર, એસી અને સીલિંગ ફેન સહિતની ઘરવખરી બળીને ખાખ થઈ ગઈ હતી.

સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ આગને પગલે મકાનમાં મોટું આર્થિક નુકસાન થયું છે.

# મોડલ સુખપ્રિત કૌર આપઘાત કેસમાં મુખ્ય આરોપી ઝડપાયો

**સારોલીના** ચકચારી કેસમાં સુખપ્રિત સાથે લિવ-ઈનમાં રહેતો હતો, શારીરિક-માનસિક ત્રાસ આપી આપઘાતની દુષ્પ્રેરણા આપી હતી

સુરતઃ સારોલીમાં યુવતીના ચકચારી આપઘાત કેસમાં આઠ માસથી નાસતા ફરતા આરોપીને સારોલી પોલીસે મધ્યપ્રદેશના સિંગરૌલીથી ઝડપી પાડ્યો છે.

મધ્યપ્રદેશના શિવપુરી જિલ્લાના સુરવાયા થાના વિસ્તારના ગંગોરા ગામ ભડાવાવડી ખાતે રહેતા લખવિંદર સિંહ બલવંત સિંહની 19 વર્ષીય દીકરી સુખપ્રિતકૌર સુરતના સારોલી કુંભારીયા ગામ સ્થિત સારથી રેસીડેન્સીના ફ્લેટ નં.D/903માં રહેતી હતી અને મોડેલિંગ-ફોટોગ્રાફી ક્ષેત્રે કાર્યરત હતી. આરોપી તરીકે અંજનીકુમાર ઉર્ફે અનુરાગ શ્રવણકુમાર જૈસ્વાલ (મૂળ નિવાસી સિંગરૌલી, મધ્યપ્રદેશ) સામે દુષ્પ્રેરણાનો ગુનો નોંધાયો હતો. ફરિયાદ મુજબ, આરોપી યુવતી સાથે લિવ-ઈન રિલેશનશિપમાં રહ્યો હતો અને તેને વારંવાર માનસિક તેમજ શારીરિક ત્રાસ આપતો હતો. યુવતીના ફોટા વાયરલ કરવાની ધમકી આપી મારપીટ કરતો અને હેરાનગતિ કરતો હોવાનું ફરિયાદમાં ઉલ્લેખાયું છે. આ ત્રાસથી કંટાળીને સુખપ્રિતકૌરે 02/05/2025ની રાત્રે ઘરે ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. આ બનાવે શહેરમાં ભારે ચકચાર મચાવી હતી. સારોલી પોલીસ સ્ટેશનમાં 19/05/2025ના રોજ દુષ્પ્રેરણાનો ગુનો નોંધાયો હતો. ટેકનિકલ ટ્રેકિંગ અને હ્યુમન સોર્સીસના આધારે આરોપી સિંગરૌલી ખાતે હોવાની ચોક્કસ માહિતી મળતા ટીમે મધ્યપ્રદેશમાં દરોડો પાડી આરોપીને ઝડપી પાડી પાડ્યો છે.

# કાકરાપાર અણુવિદ્યુત મથક પર ૨૭ ફેબ્રુઆરીએ મોકડ્રીલ

**જિલ્લા** કલેક્ટર ડૉ. સૌરભ પારઘીની અધ્યક્ષતામાં સમન્વય બેઠક; સ્થળાંતર, ડિકોન્ટામીશન અને મેડિકલ પ્રતિસાદ પર ખાસ ભાર

સુરતઃ આગામી ૨૭મી ફેબ્રુઆરીએ કાકરાપાર ન્યુક્લિયર પાવર પ્લાન્ટ ખાતે યોજાનારી મોક એક્સરસાઇઝને ધ્યાનમાં રાખીને જિલ્લા તંત્ર સંપૂર્ણ સજ્જ બન્યું છે. સંભવિત આફત સમયે ઝડપી અને અસરકારક પ્રતિસાદ સુનિશ્ચિત કરવા જિલ્લા કલેક્ટર ડૉ. સૌરભ પારધીની અધ્યક્ષતામાં આગોતરા આયોજન અંગે મહત્વપૂર્ણ સમન્વય બેઠક યોજાઈ હતી.

બેઠક દરમિયાન ડિસ્ટ્રિક્ટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીએ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા મોક એક્સરસાઇઝની સમગ્ર રૂપરેખા રજૂ કરી હતી. વિવિધ વિભાગોને સોંપવામાં આવેલી જવાબદારીઓ, કામગીરીની સમયરેખા અને સંકલન પ્રક્રિયા અંગે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જિલ્લા કલેક્ટરે માર્ગ વ્યવસ્થા અને ટ્રાફિક ડાયવર્ઝન, મેડિકલ ટીમોની તૈયારી, આવશ્યક દવાઓનું વિતરણ, સંભવિત અસરગ્રસ્તોનું સ્થળાંતર, સારવાર વ્યવસ્થા તેમજ ડિકોન્ટામીશન જેવી પ્રક્રિયાઓ અંગે વિસ્તૃત સમીક્ષા કરી હતી. તમામ વિભાગો પોતાના દાયિત્વનું નિષ્ઠાપૂર્વક પાલન કરે અને એક્સરસાઇઝ દરમ્યાન સમન્વય જળવાઈ રહે તે માટે તેમણે તાકીદ કરી હતી.

મોક એક્સરસાઇઝ દરમિયાન સિવિલ ડિફેન્સના સ્વયંસેવકો અને આપદામિત્રોની સક્રિય ભાગીદારી સુનિશ્ચિત કરવા પણ સૂચનાઓ આપવામાં આવી હતી.

# 21 વર્ષથી ફરાર મારામારી કેસના બે આરોપી પ્રયાગરાજથી ઝડપાયા

**સુરત** શહેર SOGની ટીમે ખાસ ઓપરેશન ચલાવી ઉત્તરપ્રદેશમાંથી દબોચ્યા

સુરતઃ શહેરમાં 21 વર્ષ પૂર્વે નોંધાયેલા હથિયાર સાથેની મારામારીના ગુનામાં ફરાર બે આરોપીને શહેર એસઓજીએ ઉત્તરપ્રદેશના પ્રયાગરાજથી ઝડપી પાડ્યા છે. બાતમીના આધારે વરાછા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા હથિયાર સાથે મારામારીના ગુનામાં સંડોવાયેલા આરોપીઓ પ્રયાગરાજ ખાતે રહેતા હોવાની માહિતી મળી હતી. ત્યારબાદ મંજૂરી મેળવી એસઓજીની ટીમ ઉત્તરપ્રદેશ રવાના થઈ સ્થાનિક પોલીસ સાથે સંકલન સાધી દરોડાની કાર્યવાહી હાથ ધરી હતી. પ્રયાગરાજના અત્તરસુઈયા ચોક વિસ્તારમાંથી સંતોષ રાજબહાદુર ઉર્ફે રામકુમાર યાદવ, (રહે. અત્તરસુઈયા ચૌરાહા, પ્રયાગરાજ, ઉત્તરપ્રદેશ) અને સંતોષ ઉર્ફે શિયુ રાજબહાદુર ઉર્ફે રામકુમાર યાદવ, (રહે. અત્તરસુઈયા ચૌરાહા, પ્રયાગરાજ, ઉત્તરપ્રદેશ)ને ઝડપી પાડ્યા હતા.

### 20 વર્ષ પહેલા પિસ્તોલ-તલવાર સાથે કર્યો હતો હુમલો

આરોપીઓએ સ્વીકાર્યું કે લગભગ વીસ વર્ષ પહેલા અશ્વિનીકુમાર ગૌશાળા સર્કલ નજીક ફરીયાદી નવીન રાવળિયા સાથે તેમનો ઝગડો થયો હતો. તે સમયે તેમના પાસે પિસ્તોલ અને તલવાર હતી અને તલવારથી હુમલો કર્યો હતો. ઘટનાસ્થળે લોકોનું ટોળું ભેગું થતાં આરોપીઓ ગભરાઈ ગયા હતા અને પોતાની પિસ્તોલ તેમજ રિક્ષા ત્યાં જ મૂકી વતન તરફ ભાગી ગયા હતા. ત્યારબાદ પોલીસ પકડથી બચવા માટે અલગ-અલગ સરનામે રહી ઓળખ છુપાવી જીવન વિતાવતાં રહ્યા હોવાનું પ્રાથમિક પૂછપરછમાં બહાર આવ્યું છે.

# કોડીન સીરપ સપ્લાય કેસમાં ફરાર રીઢો ભરત તૈલી પકડાયો

**રૂ.૪૨** હજારની ગેરકાયદે કોડીન સિરપની બોટલો સપ્લાય કરી હતી

સુરતઃ લિબાયત પોલીસ મથકમાં નોંધાયેલા NDPSના ગુનામાં દોઢ વર્ષથી નાસતા ફરતા અને ગેરકાયદે કોડીન સિરપનો જથ્થો પૂરો પાડનારા રીઢા ગુનેગારને એસઓજીએ બાતમીના આધારે દબોચી લીધો છે.

એસ.ઓ.જી. પોલીસને બાતમી મળી હતી કે વોન્ટેડ આરોપી વરાછા ખોડીયારનગર-અંકુર ચાર રસ્તા પાસે ઉભો છે. પોલીસે વોચ ગોઠવી ત્યાંથી ભરત ગોપાલભાઈ તૈલી (ઉ.વ.૨૯,રહે. સાંઈ દર્શન સોસાયટી, ડિંડોલી)ને ઝડપી પાડ્યો હતો. આરોપી મૂળ રાજસ્થાનના રાજસમંદનો વતની છે અને હાલ વરાછાની અશ્વિન સોસાયટીમાં રહેતો હતો. આરોપીની પ્રાથમિક પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે, લિબાયત પોલીસ મથકમાં નોંધાયેલા ગુનામાં પકડાયેલા આરોપી શોહેબને તેણે રૂ. ૪૨,૯૨૦/-ની કિંમતની ગેરકાયદે કોડીન સિરપની બોટલો સપ્લાય કરી હતી. આ કેસમાં તે લાંબા સમયથી પોલીસને થાપ આપી રહ્યો હતો. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે પકડાયેલો ભરત તૈલી રીઢો ગુનેગાર છે. તેની સામે અગાઉ પણ ગંભીર ગુનાઓ નોંધાયેલા છે ગોડાદરા પોલીસ મથકમાં તેની સામે આઈપીસી ૩૨૬, ૩૨૫ સહિતની કલમો હેઠળ ગુનો નોંધાયેલો છે. એપ્રિલ ૨૦૨૪માં તેને તડીપાર કરવામાં આવ્યો હતો, તેમ છતાં તે શહેરમાં રહી ગુનાહિત પ્રવૃત્તિ કરતો હતો. આ ઉપરાંત તેની સામે એમ.વી.એક્ટ અને જાહેરનામા ભંગના ગુનાઓ પણ નોંધાયેલા છે.